# પાલનપુરના ગઠામણમાં બેસણામાં ગયેલા બે વ્યક્તિઓ કોરોના પોઝિટિવ

## બનાસકાંઠામાં વધુ બે પોઝિટિવ કેસ સાથે કુલ આંકડો ૧૦ થયો

### પાલનપુર મફતપુરના ત્રણ વ્યક્તિના સેમ્પલ લેવાયા

પાલનપુર શહેરના મફતપુરા વિસ્તારમાં રહેતા એક પરિવારના ત્રણ લોકો ગઠામણ ગામે બેસણામાં ગયા હોવાની જાણ થતાં રવિવારે આરોગ્ય વિભાગની ટીમ દ્વારા તેમને સિવિલ હોસ્પિટલમાં સેમ્પલ લેવા માટે લઈ જવાયા હતા. તેમજ સમગ્ર પરિવારને હોમ કોરેન્ટાઈન કરી દેવામાં આવ્યો હતો.

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર તાલુકાના ગઠામણમાં કોરોના પોઝિટિવના વધુ બે કેસ રવિવારે નોંધાયા છે. જ્યાં બેસણામાં આવેલા એક સ્ત્રી અને પુરૂષ અગાઉ પોઝિટિવ આવેલા દર્દીના સંપર્કમાં આવ્યા બાદ કોરોનાનો ચેપ લાગ્યો હતો. દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા બેસણામાં આવેલા હોય અને પોઝિટિવ વ્યક્તિની સંપર્કમાં આવેલા હોય તેવા વધુ વ્યક્તિઓની શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે.

બનાસકાંઠામાં કોરોનાનો વાયરસ લોકલ સંક્રમણથી ફેલાઈ રહ્યો છે. જ્યાં પાલનપુર તાલુકાના એક માત્ર ગઠામણ ગામમાં જ એક પછી એક નવા કેસ બહાર આવી રહ્યા છે. આ ગામમાં સૌ પ્રથમ હાથ લારી દ્વારા સામાનની હેરાફેરી કરતાં આધેડનો કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેમના ચેપથી તેના પરિવારના ૪ વ્યક્તિને કોરોના થયો હતો. અને પરિવારના સદસ્યોના સંપર્કથી ૫ વર્ષની બાળકી અને યુવકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. દરમિયાન કોરોના પોઝિટિવના વધુ બે કેસ રવિવારે નોંધાયા છે. જ્યાં બેસણામાં આવેલા એક ૨૮ વર્ષની સ્ત્રી અને ૫૫ વર્ષનો પુરૂષ અગાઉ પોઝિટિવ આવેલા દર્દીના સંપર્કમાં આવ્યા બાદ કોરોનાનો ચેપ લાગ્યો હતો. દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા બેસણામાં આવેલા હોય અને પોઝિટિવ વ્યક્તિની સંપર્કમાં આવેલા હોય તેવા વધુ વ્યક્તિઓની શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે. ગામમાં કોરોના વાયરસના પોઝિટિવ દર્દીઓની ૮ થતાં ગ્રામજનોમાં ભારે ફફડાટ પ્રસરી જવા પામ્યો છે.

### નવા દર્દીઓમાં પણ લક્ષણો જોવા ન મળ્યા

પાલનપુર તાલુકાનું ગઠામણ ગામ કોરોના વાયરસનું હોટ સ્પોટ બની રહ્યું છે. જ્યાં પ્રથમ પોઝિટિવ આવનાર આધેડને કોરોનાનો ચેપ કઈ રીતે લાગ્યો તે હજુ પણ તંત્ર શોધી શક્યું નથી. બીજી તરફ આ પોઝિટિવ વ્યક્તિના સંપર્કમાં આવેલા વ્યક્તિઓમાં ઝડપભેર ચેપ પ્રસરી રહ્યો છે. જોકે, તેમનામાં કોઈ કોરોનાના લક્ષણો જોવા મળતાં નથી.

# શક્કરટેટી-તડબૂચનું ઉત્પાદન કરતાં ખેડૂતોની વ્હારે આવી ડીસા માર્કેટયાર્ડ

## ડીસાના નવ કોલ્ડ સ્ટોરેજ પર ૩૯ જેટલાં વેપારીઓ સોમવારથી ખરીદી કરશે : સેક્રેટરી

ડીસા, તા. ૧૯

ડીસા પંથકમાં શક્કરટેટી અને તરબૂચનો



પાક તૈયાર થઈ ગયો છે પરંતુ લોકડાઉનના લીધે ખેડૂતોનો માલ બગડી રહ્યો છે. આથી ડીસા માર્કેટયાર્ડ નવ જેટલા કોલ્ડ સ્ટોરેજ પર શક્કરટેટી અને તરબુચની લે-વેચની વ્યવસ્થા ઊભી કરી ખેડૂતોની વહારે આવી છે.

બટાકા નગરી ડીસા પંથકના ખેડૂતો બટાકા પછી શક્કરટેટી અને તડબૂચનું મોટા પ્રમાણમાં વાવેતર કરે છે. ચાલુ વર્ષે ડીસા તાલુકામાં ૧૪૦૦ હેકટર જમીનમાં તડબુચના વાવેતરની સામે અંદાજે ૫૬ હજાર ટન ઉત્પાદન થશે. જ્યારે ૫૫૦૦ હેક્ટર જમીનમાં શક્કરટેટીના વાવેતરની સામે ૨ લાખ ૨૦ હજાર ટન જેટલું ઉત્પાદન થનાર છે. દર વર્ષે શક્કરટેટી અને તડબૂચના ૩૦ ટકા રાજસ્થાન, ૨૦ ટકા જમ્મુ કાશ્મીર, ૫ ટકા દિલ્હી, ૫ ટકા મધ્યપ્રદેશ, ૫ ટકા પંજાબ, ૨૦ ટકા મહારાષ્ટ્ર અને ૧૫ ટકા માલની ગુજરાતમાં નીકાસ થાય છે.

ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ અને સંચાલક મંડળનો ખેડૂતલક્ષી અભિગમ અને ખેડૂતોના હિતનો વિચાર કરી ડીસા આસપાસના નવ જેટલા કોલ્ડ સ્ટોરેજ પર સોમવારથી શક્કરટેટી અને તરબુચની વેચાણ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જ્યારે ડીસા માર્કેટયાર્ડના સેક્રેટરી એ.એન. જોષીએ વહીવટીતંત્ર અને પોલીસતંત્રના સહયોગથી માલની ખરીદ-વેચાણ માટે આવતા ખેડૂતો, વેપારીઓ અને કમિશન એજન્ટોને લોકડાઉન દરમ્યાન કોઈ જ પ્રકારની મુશ્કેલી ન વેઠવી પડે તે માટે સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.



આ અંગે ડીસા માર્કેટયાર્ડના સેક્રેટરી એ.એન. જોષીએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા વર્ષ ૨૦૧૫ થી શાકભાજી અને ફળફળાદી પર થી બજાર સમિતિઓનું નિયંત્રણ હટાવી લેવામાં આવ્યું છે પરંતુ લોકડાઉન દરમ્યાન શક્કરટેટી અને તરબૂચ પકવતા ખેડૂતોની હાલત કફોડી થતાં ખેડૂતોના હિતમાં બજાર સમિતિ ડીસા દ્વારા સંપૂર્ણ પારદર્શક અને સ્વસંચાલિત વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

# મહેસાણાના આરોગ્યકર્મીને કોરોના પોઝીટીવ આવતાં ખળભળાટ

મહેસાણા, તા. ૧૯

મહેસાણાથી અમદાવાદ ડેપ્યુટેશન પર ગયેલ એક મેડીકલ ઓફિસરનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતાં મહેસાણા શહેરમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

જાણવા મળ્યા મુજબ મહેસાણા તાલુકાના એક ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા મેડીકલ ઓફિસરને ડેપ્યુટેશન પર અમદાવાદ ખાતે મોકલવામાં આવ્યા હતા. થોડા દિવસની ફરજ બાદ આ તબીબનું સેમ્પલ લઈને તેમને પરત મહેસાણા મોકલી દેવાયા હતા. બાદ આ તબીબનો રીપોર્ટ પોઝીટીવ આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

દરમિયાન સ્થાનિક મેડીકલ ટીમે ચેપગ્રસ્ત તબીબને હોસ્પિટલમાં સારવાર આપવા માટે તેમજ તેમના પરિવારજનો, આસપાસના રહીશોને ક્વોરન્ટાઈન કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

ઉપરોક્ત કિસ્સામાં મેડીકલ ઓફિસરનું સેમ્પલ લીધા પછી તેમનો રીપોર્ટ ન આવે ત્યાં સુધી અમદાવાદમાં જ રાખવાની જરૂર હતી પરંતુ આમાં ક્યાંક તંત્રની ઘોર બેદરકારી છતી થઈ હોવાની વાતો ચર્ચાઈ રહી છે.

મહેસાણા જિલ્લામાં અત્યાર સુધી ચાર કેસો નોંધાયેલા હતા જેમાં વધુ એક કેસનો ઉમેરો થતાં લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી પ્રસરી છે.

# લોકડાઉનમાં અંબાજી ભાજપના કાર્યકરોની પ્રસંસનીય કામગીરી અંબાજીમાં ૬૦ હજાર ફૂડ પેકેટ્સનું કર્યું વિતરણ

## અંબાજી મંદિર ટ્રસ્ટ સાથે ખભે થી ખભો મિલાવી કરી રહ્યા છે અવિરત સેવા કાર્ય : અંબાજીના જુદાજુદા વિસ્તારોમાં ફરી ૪૩ જેટલા ભાજપી કાર્યકરો પૂરું પાડી રહ્યા છે ગરીબો માટેનું ભોજન

અંબાજી, તા. ૧૯

શકિતપીઠ અંબાજીમાં અંબાના ધામ તરીકે ઓળખાય છે. હાલમાં કોરોનાની વૈશ્વિક



મહામારીને લઈને સમગ્ર ભારતમાં લોકડાઉન ચાલી રહ્યું છે. દેશભરમાં કોરોના વાયરસ મહામારીને લઈને હાહાકાર મચી જવા પામ્યો છે. રોજ કમાઈ રોજ ખાવાવાળા પરિવારો ઉપર કોરોના વાયરસ માથે આભ તૂટ્યા બરાબર છે. જેને પગલે લોકોની પરિસ્થિતિ દુસ્કર બની છે. આવી પરિસ્થિતિમાં શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા અંબાજીના ગરીબ અને જરૂરિયાતમંદ લોકો માટે ભોજન બનાવી રહ્યું છે પરંતુ ભોજન બનાવ્યા બાદ તેની વિતરણ વ્યવસ્થા કેવી રીતે કરવી અને આટલા બધા લોકો સેવાકાર્ય માટે ક્યાંથી લાવવા એ એક મોટો પ્રશ્ન હતો. આ પરિસ્થિતિમાં અંબાજી ભાજપના કાર્યકરો સામે આવ્યા અને ઘરે ઘરે ભોજન પહોંચાડવા માટેનું બીડું ઝડપ્યું. અંબાજી ભાજપની ૪૩ કાર્યકરોની આખી ફોજ સેવકાર્યમાં જોડાઈ ગઈ અને ઘરે ઘરે જઈ જે લોકોને ભોજનની જરૂર હોય તેવા લોકોનું લિસ્ટ બનાવી રોજેરોજ સમયસર આવા લોકો સુધી ભોજન પૂરું પાડવામાં આવી રહ્યુ છે.

આ સેવા કાર્ય માટે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના આર.કે. મેવાડા, પરેશ જોશી, સુરેશ વ્યાસ સહિતનો મંદિર સ્ટાફ રસોઈ બનાવવામાં વ્યસ્ત છે. વિતરણ વ્યવસ્થા માટે સુચારુ આયોજન કરવા માટે ભાજપના પ્રમુખ સહિત બકુલેશ શુક્લ, સુનિલ બ્રહ્મભટ્ટ, દેવેન્દ્ર વ્યાસ, લલિત લુહાર, વસંત વણઝારા, જીતુ વણઝારા, બીટુ અગ્રવાલ, વિજય શર્મા, ટમ્પુભાઈ વ્યાસ, જવારભાઈ નાયક, નટુ પરમાર તેમજ માણેક જોશી સહિતના ૪૩ ભાજપી કાર્યકરોની ટીમ કામે લાગી ગઈ છે. આ કાર્યકરો દ્વારા આજદિન સુધી ૬૦ હજાર જેટલા ફૂડ પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું છે. આ પ્રકારના ભાજપના કાર્યકરો દ્વારા કરવામાં અસવેલા સેવા યજ્ઞને આખા અંબાજી ગામના લોકોએ વધાવ્યો છે અને ગ્રામજનો દ્વારા પ્રશંસા કરવામાં આવી રહી છે.

# જિલ્લામાં બે વર્ષની દવા લેનાર ૫૦ ટીબીના દર્દીઓને લોકફાળાથી ન્યુટ્રિશન કીટ અપાઈ

કોરોના વાઈરસના કારણે હાલમાં લોકડાઉનની પરિસ્થિતિ છે ત્યારે સક્ષમપ્રવાહ ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશ્યલ સાયન્સિસ (ટીઆઈએસએસ)ના



કાઉન્સેલર સ્વખર્ચ સાથે સોનલ મકવાણા અને તેમના મિત્રોના લોકફાળાથી બે વર્ષની ટીબીની દવા લેતા જરૂરિયાતવાળા ટીબી દર્દીઓને ઘરે બેઠા ન્યુટ્રિશન કીટ મળી રહે તે માટે સાબરકાંઠા જીલ્લા ટીબી સેન્ટરના માર્ગદર્શન હેઠળ અંતરિયાળ વિસ્તારમાં રહેતા દર્દીઓને તાત્કાલિક ન્યુટ્રિશન કીટ પોહચાડવામાં આવી રહી છે. જેથી ટીબી પેશન્ટને જરૂરી ન્યુટ્રિશન મળી રહે અને તેઓ દવાઓ લેવાનું બંધ ન કરે અને કોર્ષ પૂરો કરે જેને લઈને વડાપ્રધાનનું લક્ષ્ય ૨૦૨૫ સુધીમાં ભારતને ટીબી મુક્ત કરવાનું છે તે માટે પેશન્ટને દવાઓ સાથે યોગ્ય ન્યુટ્રિશન અને કાઉન્સેલિંગ દ્વારા સામાજિક માનસિક રીતે મદદરૂપ થવાનું કાર્ય સક્ષમ ટીસ દ્વારા કરવામાં આવી રહ્યું છે. જીલ્લાના પોશીના ઈડર ખેડબ્રહ્મા, પ્રાંતિજ, હિંમતનગર અને તલોદ વિજયનગરમાં ૫૦ ટીબીના દર્દીઓને આપવામાં આવી હતી.

# ઊંઝા-ઉનાવા પાસે અકસ્માત બાદ બાઈકચાલકને લૂંટી લેવાયો

ઊંઝા તાલુકાના ઉનાવા-પળી રોડ પર સાંજના સમયે છકડો રીક્ષા અને મોટરસાયકલ વચ્ચે અકસ્માત સર્જાયા બાદ છકડામાં બેઠેલા ઈસમોએ ઉશ્કેરાઈ જઈને મોટર સાયકલચાલકને માર મારી તેની પાસેથી સોનાની ચેઈન અને રોકડ રકમ મળી કુલ ૪૨૦૦૦ મત્તાની લૂંટ ચલાવી હોવા બાબતે ઉનાવા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. ઊંઝા ખાતે ઉમિયા માતાજીના મંદિર પાસે રહેતા પ્રવિણભાઈ મફતલાલ પરમાર અને તેમના મિત્ર અરવિંદભાઈ પટેલ મોટરસાયકલ પર રાયણો લેવા માટે ઊંઝાથી તાલુકાના પળી ગામે જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં સાંજના છ વાગ્યાના સુમારે ઉનાવા-પળી રોડ પર પ્રતાપગઢના પાટીયા પાસે વળાંકમાં સામેથી પુરઝડપે આવેલ છકડો રીક્ષા મોટરસાયકલને અથડાતાં બાઈકના આગળના ભાગે નુકસાન થયુ હતુ. છકડો રીક્ષામાં બેઠેલ એક ઈસમ નીચે ઉતરી આવ્યો હતો. મોટરસાયકલ ચાલક પરમારને અપશબ્દો બોલી ગડદાપાટુનો માર મારી ગળામાં પહેરેલ સોનાની ચેઈન તથા રોકડ રકમ મળી કુલ ૪૨ હજારની કિંમતની લૂંટ ચલાવી ઉનાવા તરફ નીકળી ગયા હતા.

# અરવલ્લીના કુશાલપુરા કન્ટેઈનમેન્ટ ઝોનમાં ૧૦ ગામના લોકોનો સરવે હાથ ધરાયો

## ૧૦ ગામોના ૧૭,૦૦૦ વસ્તીનો હાઉસ ટુ હાઉસ સરવે હાથ ધરાયો : પ્રથમ દિવસે ૯૦૪૫ લોકોના આરોગ્યની ચકાસણી કરાઇ : ૬૬ આરોગ્યની ટીમમાં ૧૬૩ આરોગ્ય કર્મીઓ સરવે કરશે

ભિલોડા, તા.૧૯

અરવલ્લી ભિલોડા તાલુકાના કુશાલપુર ગામમાં ૭૦ વર્ષીય મહિલાને કોરોના પોઝિટિવ આવતાં અરવલ્લી જિલ્લા આરોગ્ય અને વહિવટીતંત્રતં દ્વારા આ વિસ્તારને કન્ટેનટમેનટ ઝોન જાહેર કરવામાં આવ્યો છે.

આ અંગે વિગત આપતા જિલ્લા વિકાસ અધિકારી ડૉ. અનિલ ધામેલીયાએ જણાવ્યું હતું કે અરવલ્લી ભિલોડા તાલુકાના કુશાલપુરા ગામે ૭૦ વર્ષીય મહિલા કે જેને હદય તકલીફ હતી. તેમની તબિયત ખરાબ હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. ત્યારબાદ તેમને અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જયાં શંકાસ્પદ કોવિડ દર્દી જણાતાં તેમનો કોરોના સેમ્પલ લેવામાં આવ્યો હતો. ૧૬મી એપ્રિલ, ૨૦૨૦ના વહેલી સવારે પોઝિટીવ આવ્યો હતો. તેમનું ૧૭ એપ્રિલ ૨૦૨૦ના રોજ મરણ પણ થયું હતું. જેથી આ વિસ્તારનું મેપિંગ કરી કન્ટેટમેંટ ઝોન જાહેર કરી આસ પાસના ૩. કિ.મી. વિસતારમાં આવતા ૧૦ ગામોના લોકો અવર-જવર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

વધુમાં જણાવ્યું હતું કે કુશાલપુરા કન્ટેઈનમેન્ટ વિસ્તારમાં ૧૨ મેડિકલ ઓફિસર, ૧૯ સુપરવાઈઝર અને ૧૩૨ ફિમેલ હેલ્થ વર્કર અને આશા વર્કર મળી કુલ- ૬૬ ટીમ બનાવવામાં આવી છે, જે ૧૭,૦૦૦થી વધુ વસ્તીનો હાઉસ ટુ હાઉસ સર્વે કરશે, જેમાં પ્રથમ દિવસે ૯૦૪૫ લોકોના આરોગ્યનું સ્કિનિંગ કરવામાં આવ્યું હતું. સર્વે દરમ્યાન શરદી, ખાંસી અને તાવ ત્રણેય હોઈ તેવી એક પણ વ્યક્તિ જોવા મળેલ નથી. કુશાલપુરા કન્ટેઈનમેન્ટ વિસ્તારમાં આ સર્વે આગામી ૨૮ દિવસ સુધી સળંગ કરવામાં આવશે. આરોગ્ય ટીમ દ્વારા ઉક્ત વિસ્તારમાં જનજાગૃતિ અર્થે આઈ.ઈ.સી. પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.



મોડાસા નગરપાલિકાના કાઉન્સિલર કલ્પનાબેન ભાવસાર તરફથી સ્પોર્ટ્સ સંકુલ મોડાસા ખાતે રોકાણ કરી રહેલા બહારના શ્રમિકોની ખબર અંતર પુછયા તથા શરીર લુછવાના રૂમાલ આપ્યા.

# વીએચપી દ્વારા દર્દીને દવા ન મળે તો દવા પહોંચાડવાની વ્યવસ્થા કરાઈ



વિશ્વ હિંદુ પરિષદ ધ્વારા લોકડાઉનમાં અનોખી સેવા શરૂ કરવામાં આવી છે. હાલમાં લોકડાઉનને લઈને જો ગંભીર દર્દના દર્દીને લોકલમાંથી દવા ના મળે તો બહારથી મેળવી અને દર્દીઓને દવા આપવાની સેવા કરવામાં આવી રહી છે. જેને લઈને ૧૮-૪-૨૦૨૦ના રોજ વડાગામમાં વિશ્વ હિંદુ પરિષદ ધ્વારા વડાગામ વિસ્તારમાં ૪ દર્દી હતા જેમણે દવા મેળવવામાં મુશ્કેલી પડી રહી હતી, તેમને આ ઘડીમાં વિશ્વ હિંદુ પરિષદ ધ્વારા મદદ કરવામાં આવી હતી અને આ ૪ દર્દીઓની દવા મોડાસા ખાતે જઈ મેડિકલ ખાતેથી મેળવીને દર્દીને પહોંચતી કરી હતી. વિશ્વ હિંદુ પરિષદના સભ્યો ધ્વારા આ સુંદર કામગીરી કરવામાં આવી રહી છે તેમના આ કાર્યને સૌએ બિરદાવ્યું હતું.



## કાળઝાળ ગરમીમાં લોકડાઉન વચ્ચે જાહેર રોડ પર પાણી પીતાં પક્ષીઓ

વૈશ્વીક મહામારી કોરોના કહેર વચ્ચે અબોલ પશુ પંખીઓ પણ આકુળ વ્યાકુળ બની ગયા છે. ત્યારે લોકો પંખી કબુતરોને પક્ષીઓ માટે ઘર કે દુકાન બહાર પાણીના કુંડા લગાવાય છે. તેમાં પણ કોઈ વિસ્તારોમાં પાણી ના મળે ત્યારે પાલનપુર શહેરના કંથેરિયા હનુમાન રોડ પર તુટેલા જાહેર રોડ પર ભરાયેલા પાણીમાંથી પાણી પીતા અને છબછબીયાં કરતા અમારા પ્રતિનિધિને જોવા મળ્યા હતા. શહેરના જાહેર માર્ગો પર ધોમધખતા તાપમાં છેલ્લા ત્રણ દિવસથી ગરમીનો પારો ઉંચકાયો છે. ત્યારે આગામી દિવસોમાં ઉત્તર ગુજરાતના બનાસકાંઠા કચ્છામાં ભારે હીટવેવની હવામાન વિભાગે આગાહી કરી છે. ત્યારે પક્ષીઓ પણ ભારે આકરી ગરમીમાં તોબા પોકારી ગયા છે ત્યારે અબોલ પશુ પંખીઓ પણ તેમની તરસ છીપાવતાં અને મસ્તી કરતાં નજરે પડે છે.

# શીકા ગૃપ ગ્રામ પંચાયત વિસ્તારમાં દાતાઓના સહયોગથી વિનામૂલ્યે માસ્કનું વિતરણ

શીકા, તા. ૧૯

શીકા ગૃપ ગ્રામ પંચાયત વિસ્તારમાં દાતાઓના સહયોગથી વિનામૂલ્યે માસ્કનું વિતરણ



કરવામાં આવ્યું હતું. કોરોના વાઈરસને લઈને શીકા ગ્રામ પંચાયત વિસ્તારમાં આવતા નાની ગુજેરી તથા મોટી ગુજેરીમાં વિનામૂલ્યે માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં સરપંચ મોહનભાઈ ખાંટ, ઉપસરપંચ બિંકલબેન પટેલ, તલાટી કમમંત્રી કૌશિકભાઈ પ્રજાપતિ તથા પંચાયતના કર્મચારીઓ દ્વારા ઘરે-ઘરે જઈ વિનામૂલ્યે માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જેમાં સરપંચ મોહનભાઈ ખાંટ, ઉપસરપંચ બિંકલબેન પટેલે હાલ ચાલી રહેલી કોરોનાની વૈશ્વિક મહામારીથી બચવા માટે માસ્ક પહેરવાનું તથા સોશિયલ ડિસ્ટન્સ જાળવવાની અપીલ કરી હતી.